INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧૧-૦૩-૨૦૨૫**

NBRI (National botanical research institute) એ GM ટેક્નોલોજી વાળુ કપાસની જાત શોધી..અને તેના નિયામક ડો અજીત કુમાર શાસની એવો દાવો કરે છે કે આ જાતથી ૨૦ % ઉત્પાદન વધશે,જંતુનાશક દવાનો વપરાશ ઘટશે તેના કારણે હેક્ટરે ૧૦,૦૦૦ ▯ નો ખેતી ખર્ચમાં લાભ થશે ઉપરાંત પ્રદૂષણ ઘટશે...

આ બિયારણ ખેડુતોને ઉપલબ્ધ કરાવવા માટે આ ટેકનોલોજીને ખાનગી બીજ ઉત્પાદક કંપની અંકુર સીડ પ્રા લી ને આપવામાં આવી અને તે ઉત્પાદન કરશે

**કેન્દ્ર અને રાજ્ય સરકારને સવાલ :**

✔ ગુજરાતમાં કે દેશમાં સરકારી કૃષિ યુનિવર્સિટી કે સરકારી કોઈપણ એજન્સીને આપ નવી ટેકનોલોજી વાળા બિયારણનું ઉત્પાદન કરાવવાને બદલે ખાનગી કંપનીને કેમ આપવામાં આવ્યુ ?

✔ છેલ્લા 25 વર્ષથી ગુજરાતમાં અમેરિકાની કૃપાથી મોન્સાન્ટો કંપનીનું bolgard I અને bolgard II કપાસનુ જીનેટીકલ મોડીફાઇડ ટેકનોલોજીનું બિયારણ ખેડૂતો વાવેતર કરે છે પરંતુ ગુજરાતની સરકારી કૃષિ યુનિવર્સિટીઓ જીએમ ટેકનોલોજી ઉપર કેમ આગળ ન વધી ?

✔ NBRI ની GM ટેકનોલોજી એક માત્ર ખાનગી બીજ કંપની અંકુર સીડ પ્રાઇવેટ લિમિટેડ ને શા માટે આપવામાં આવે છે, ગુજરાતની સરકારી કૃષિ યુનિવર્સિટીઓ જીએમ ટેકનોલોજી મેળવીને તે કેમ આગળ ન વધી ?

✔ NBRI ની GM ટેકનોલોજી ખાનગી કંપની અંકુર સીડ પ્રાઇવેટ લિમિટેડ ને શા માટે ? અન્ય કોઈ કંપનીઓને પણ આપી અને આંતરિક હરિફાઈ ઊભી કરી ખેડૂતોને ઉત્તમ પ્રકારનું બિયારણ મળે એવી વ્યવસ્થા કરવામાં કેમ ન આવી ?

માંગણી

✔ નેશનલ બોટાનીકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (NBRI)ની GM ટેકનોલોજીનુ નવું કપાસના બિયારણના ઉત્પાદન કરવા માટે ગુજરાતમાં સરકારી કૃષિ યુનિવર્સિટીને ઉત્પાદન કરવા માટેની ટેકનોલોજી ટ્રાન્સફર કરવામાં આવે.

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવક્તા,ગુજરાત કોંગ્રેસ